# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, મંગલભારતી ખાતે "ઉચ્ચ સ્તરીય વૈજ્ઞાનિક સલાહકાર સમિતી"ની બેઠક યોજાઈ.

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, મંગલભારતી છોટાઉદેપુર દ્વારા કૃષિલક્ષી તાલીમ, વિસ્તરણ પ્રવૃતિઓ, નિદર્શનો અને ફાર્મ પરિક્ષણની અનેકવિધ પ્રવૃતિઓ વડોદરા-છોટાઉદેપુર જીલ્લામાં કરવામાં આવે છે. જેનું મુલ્યાંકન કરવા માટે તા. ૦૯/૦૧/૨૦૨૬ના રોજ ૨૪મી ઉચ્ચ સ્તરીય વૈજ્ઞાનિક સલાહકાર સમિતીની બેઠક શ્રી સંદિપભાઈ શેઠ, ચેરમેન(પ્રતિનિધિ), મંગલભારતીના અધ્યક્ષ સ્થાને મળી હતી. કાર્યક્રમમાં કેવીકેના વડા ડૉ.બી.એમ.મહેતાએ ગત ૨૩મી મીટીંગના મુદ્દાઓનું અમલીકરણ, વર્ષ-૨૦૨૫નો પ્રગતિ અહેવાલ અને વર્ષ-૨૦૨૬ના કાર્યક્રમોના આયોજનની રૂપરેખા રજૂ કરી હતી. ત્યારબાદ વિષય નિષ્ણાંતો દ્વારા દરેક વિષયને અનુરૂપ પ્રગતિ અહેવાલ તથા આગામી વર્ષના આયોજન રજૂ કરવામાં આવ્યુ. વૈજ્ઞાનિક સલાહકાર સમિતિમાં ઉપસ્થિત આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તેમજ કામધેનું યુનિ., આણંદના વૈજ્ઞાનિકો તેમજ જીલ્લાના ખેતી, બાગાયત, પશુપાલન, બેંક તેમજ આત્મા વગેરે વિભાગના અધિકારીઓ, FPO/FPCના પ્રતિનિધિઓએ કેવીકેની પ્રવૃતિઓને વધુ અસરકારક ખેડૂતોપયોગી બનાવવા અને વાતાવરણ અનુકુલ નિદર્શનો, પ્રીસીઝન ફાર્મિંગ અને પ્રાકૃતિક ખેતી પદ્ધતિ સાથે તાલમેલ મેળવવા અનુરોધ કર્યો હતો. તેમજ વડોદરા-છોટાઉદેપુરમાં પ્રાકૃતિક ખેતીનો વિસ્તાર વધારવા, જળ-જમીન સંરક્ષણ કરવા અને રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાનું વપરાશ ઓછું કરવા અંગે ખેડૂતોને માહિતગાર કરવા માર્ગદર્શક સૂચનો કર્યા હતાં.

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા વ્યવસાયલક્ષી તાલીમો વધારવા તેમજ તાલીમાર્થીઓને બેંક સાથે જોડવા, નવી જાતોના નિદર્શનો વધારવા, નવા પાકોના વાવેતરના અખતરા ગોઠવવા અંગે પણ સૂચનો કરવામાં આવેલ હતા. ખેડૂતો દ્વારા મુલ્યવર્ધન તાલીમ કરવા માટેના સૂચનો થયા હતા. આ કાર્યક્રમમાં ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, અટારી,પૂનાના ડાયરેકટરશ્રી ડૉ. એસ.કે.રોય ઓનલાઈનના માધ્યમથી જોડાયા હતા અને તેમણે પણ માર્ગદર્શક સૂચનો કર્યા હતા.

અંતમાં શ્રી સંદિપભાઈ શેઠ દ્વારા સર્વે સભ્યોના સહકાર અને હકારાત્મક સૂચનો બદલ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર આ માર્ગદર્શક સૂચનોનો સારી રીતે અમલ કરી ફળદાયી પરિણામ આપશે એવી ખાત્રી આપી.